ગાંધીનગર સમાચાર
તા. ૩-૧૧-૨૦૧૩, રવિવાર

તંત્રી સ્થાનેથી.....

પ્રકાશના પર્વને પોંખીએ...

વધુ એક દીપોત્સવી એનાં અજવાળાં પાથરવા આવી પૂગી છે. દિવાળીએ પ્રકાશનું પર્વ છે. તેની સાથે જ એ સમયનું એક સર્વમાન્ય સીમાચિહ્ન છે. દિવાળી આવે એટલે એક વરસ પૂરું થઈ ગયાનો અહેસાસ થતો હોય છે- પછી એ સારું ગયું હોય તો તમારું નસીબ! પરંતુ સમયના વહેણનો એક ઝાકમઝોળ તબક્કો કદાચ પ્રતિકૂળ રહ્યો હોય તો પણ એ પસાર થઈ ગયાનો ખ્યાલ આવતાં શ્વાસ હેઠો બેસે છે. દીપોત્સવી એ ભારતવર્ષનું પ્રાચીનતમ રાષ્ટ્રીય પર્વ છે. બલકે એ પર્વોની રાણી છે. વાલ્બારસ તરીકે ઓળખાતો એનો પ્રારંભિક દિવસ વાસ્તવમાં વાક્દ્વાદશી- વાણી ઉત્સવ છે, સરસ્વતી પૂજાનું પર્વ છે. ધનતેરસનો ધન કરતાં વધારે સંબંધ આરોગ્ય સાથે હતો. એ ધન્વંતરી જયંતી છે, સમુદ્ર મંથન માંથી આયુર્વેદના અમૃત કુંભ સાથે પ્રગટ થયેલા આદિ વૈદ્યરાજનું પ્રાગટ્ય પર્વ છે. આપણે એને ચોપડા પૂજન સાથે સાંકળી લીધું છે અને લક્ષ્મી ઉપાસનાના ઉત્સવ તરીકે એનો અપરંપાર મહિમા છે. વરસમાં જે ચારેક વણજોયાં મુહૂર્ત ગણાય છે એમાં દીપોત્સવી પર્વ-જૂથના બે દિવસોનો સમાવેશ થાય છે. ધનતેરસ અને લાભપાંચમ વણજોયાં શુભમુહૂર્ત ગણાયાં છે. કાળી ચૌદશને ભૈરવ, હનુમાન અને ઘંટાકર્ણ વીર જેવા બળૂકા દેવતાઓ સાથે સાંકળીને તંત્ર સાધનાનું પર્વ બનાવી દેવાયું છે. ધનતેરસ શુભ હોય તો એના પડછાયા જેવી કાલચતુર્દશી અશુભ કેમ ગણાય? પરંતુ આનું જ નામ તે પરંપરા. ઘરમાં 'કકળાટ' કાઢવાનો દિવસ તે આ કાળી ચૌદશ. ખરેખર તો એ કાલરાત્રી- મહારાત્રી અને શિવરાત્રી પૈકીની એક રાત્રી છે. કાળી ચૌદશને નરક ચતુર્દશી પણ કહે છે. દિવાળી તો અમાસનો દિવસ, પરંતુ એથી જ એ પાછું પ્રકાશનું પર્વ! ભગવાન રામચંદ્ર લંકાવિજય કરીને અયોધ્યામાં પાછા ફર્યા એટલે પ્રજાએ નગર આખું રોશનીથી શણગાર્યું હતું. તે પરંપરા આજપર્યંત ચાલતી રહી હશે કે શું? ભગવાન મહાવીરનો એ નિર્વાણ દિવસ છે. કૃષ્ણે નરકાસુરની કેદમાંથી સોળ હજાર સ્ત્રીઓને છોડાવીને એમને 'પત્ની'નો - રાણીનો દરજ્જો આપ્યો, એથી મથુરામાં અને દ્વારિકામાં દિવાળી ઉજવાઈ હશે. લાચાર સ્ત્રીને નરક જેવી સ્થિતિમાંથી ઉગારવાનું કાર્ય ઉત્સવથી ઓછા મહત્વનું ન જ ગણાય. આપણે ગુજરાતીઓ દિવાળીને વિક્રમ સંવતનો અંતિમ દિવસ ગણીએ છીએ, પરંતુ અન્યત્ર ચૈત્રી પંચાગનું ચલણ છે ત્યાં ચૈત્ર સુદ પ્રતિપદાના દિવસે વર્ષારંભ થાય છે. વળી એમાં પૂનમના દિવસે મહિનો પૂરો થતો હોય છે. એટલે ગુજરાતમાં આપણે આસો વદ અમાસ એટલે દિવાળી ગણીએ, તે જ દિવાળી અન્યત્ર કારતકની અમાસ ગણાય છે. આપણા કરતાં એમનો સમય એક પખવાડિયું આગળ દોડે છે. ભાઈબીજનો મહિમા તો એક ભાઈ અને બીજી બહેન જ સમજી શકે. યમ અને યમીની સ્મૃતિ તો વીસરાઈ જાય, પરંતુ ભાઈ-બહેન વચ્ચેનો લાગણીનો સંબંધ તો યુગોથી મહેકતો રહ્યો છે અને યુગો સુધી મહેકતો રહેશે. રક્ષાબંધન(બળેવ)ના દિવસે બહેન ભાઈને મળવા જાય છે, જ્યારે ભાઈબીજના દિવસે ભાઈ બહેનના ઘરે જાય છે. આમ ભાઈબીજ એ બહેનને મૂઠી ઊંચેરી જગ્યાએ સ્થાપતો ઉત્સવ છે.

દિવાળીની પરંપરાગત ઉજવણીમાં લક્ષ્મી પૂજન, મીઠાઈ શુભેચ્છાઓ અને ફટાકડાનો મહિમા હતો. નવાં કપડાં, ઘરની સાફસૂફી, 'અળશ' કાઢવી એ આપણી વર્ષો જૂની પરંપરા ધીરેધીરે બદલાતી ગઈ તે ત્યાં સુધી કે અગાઉ મુંબઈમાં 'પરદેશ' વેઠતા પરિવારો દિવાળી કરવા 'દેશ'માં આવતા. આજે એથી તદ્દન ઊલટું જોવા મળે છે. દિવાળીના દિવસો જાણે કે વરસભરનો થાક ઉતારવાના અને ઘર બહાર 'ભાગી' જવાના દિવસો ન હોય, એમ લોકો પોતપોતાના ગજા મુજબ પ્રવાસે નીકળી પડે છે! સમય કેવો રંગ બદલતો રહે છે એનું દિવાળી એક ઉત્તમ દૃષ્ટાંત છે. આવો, પ્રકાશના આ પર્વને ઠરખભેર વધાવીએ. આપણાં હૈયાંમાં ભેગા થયેલા કચરાની સાફસૂફી કરીએ અને નવા વરસમાં નવા સંકલ્પો અને લક્ષ્યાંકો સાથે ઉમળકાપૂર્વક પદાર્પણ કરીએ!

આત્મન્ ફાઉન્ડેશન દ્વારા દિવાળી પર્વે વિશિષ્ટ બાળકોને વસ્ત્ર-વિતરણ કરાયું

આત્મન્ ફાઉન્ડેશન, ગાંધીનગર દ્વારા દિવાળી નૂતન વર્ષના તહેવારોની ઉજવણી નિમિત્તે તકવંચિત, વિશિષ્ટ બાળકોને દર વર્ષે નવાં વસ્ત્રોનું વિતરણ કરવામાં આવે છે.

આજરોજ સંસ્થાના હોદ્દેદારો દ્વારા સેક્ટર-૧ ઉની શ્રમજીવી વસાહતના ૭૦ ઉપરાંત, બાળ સંરક્ષણ ગૃહનાં બાળકો અને સેક્ટર-૧૯ સ્થિત ખાસ બાળ ગૃહનાં બાળકો એમ મળી ૧૦૦ ઉપરાંત વિશિષ્ટ બાળકોને નવાં વસ્ત્રોનું, નાસ્તા, ફટાકડાનું વિતરણ કરવામાં આવ્યું હતું. બાળકોએ મજાનાં ગીત ગાઈ, અભિનયની અભિવ્યક્તિ કરી હતી.

આ વિતરણ કાર્યમાં સંસ્થાના પ્રમુખ શ્રી સી.એલ. મહેતા, ઉપપ્રમુખ શ્રી જગત કારાણી, સહયોગીઓ સર્વશ્રી એચ.બી. વરિયા, ભરત કવિ, જયશ્રી ખેતિયા, તુષાર દવે, પ્રજ્ઞા પટેલ, સવિતાબેન અને કપિલાબેન માછી વગેરે સહભાગી બન્યા હતા. સંસ્થાના સભ્યો વતી સહુ બાળકોને હેપ્પી દિવાલી અને નૂતન વર્ષની શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી.

સર્વ શિક્ષા પ્રોજેક્ટમાં વ્યાપક ગેરરીતિ થતી હોવાની ફરિયાદો થઈ

ભ્રષ્ટાચાર અને અનિયમितતાના પરિણામે લાભાર્થીઓને સરકારના ફાયદાથી વંચિત રહેવાનો વારો આવી ચુક્યો

અમદાવાદ, તા.૨

છેલ્લા એક દાયકાથી ગુજરાતમાં પ્રાથમિક શિક્ષણને ગુણવત્તાસભર બનાવવા માટે સરકારે સર્વ શિક્ષા અભિયાન મિશન અંતર્ગત હેઠળ વિવિધ ગ્રાન્ટો શાળા કક્ષાએ પહોંચાડવામાં આવે છે. પરંતુ જિલ્લા-તાલુકા કક્ષાએ વચેટીયા એજન્સીઓ દ્વારા ઉપલી કચેરીના નામે વ્યાપક ભ્રષ્ટાચારો થતી હોવાની ફરિયાદો ઉગ્ર બની છે. સર્વશિક્ષા અભિયાન અંતર્ગત ચાલતા વિવિધ પ્રોજેક્ટોમાં વ્યાપક ભ્રષ્ટાચાર અને અનિયમિતતાને કારણે લાભાર્થીઓને સરકારના લાભથી વંચિત રહેવાનો વારો આવ્યો છે. ત્યારે તંત્ર આ મુદ્દે અકળ મૌન સેવી રહ્યુ છે. પ્રાપ્ત થતી માહિતી મુજબ રાજય શિક્ષણ વિભાગના ખાડે ગયેલા વહીવટના કારણે છેલ્લા એક વર્ષથી નિવૃત્ત થયેલા શિક્ષકોને રોકડ રૂપાંતર રીવાઈઝ પેન્શન, જૂથ વીમો અને જીપી ફંડના લાભો ન મળવાથી કેટલાય નિવૃત્ત શિક્ષકોની હાલ દિવાળી બગડી છે. આ ઉપરાંત પ્રાથમિક શાળાઓમાં માલિક ૨૦૦૦નું વેતન મેળવતા સફાઈ કર્મચારીઓને પણ દિવાળી ટાંળે વેતન મળ્યુ ન હોવાની ફરિયાદો ઉગ્ર બની છે. મળતી માહિતી મુજબ જિલ્લા કક્ષાએથી આ વેતન ચૂકવાઈ ગયુ છે. પરંતુ તાલુકા કક્ષાએ આ વેતનની વેચણી કરાઈ નથી. વધુમાં એક પ્રાથમિક શિક્ષકે નામ ન આપવાની શરતે જણાવ્યુ છે કે સર્વ શિક્ષા અભિયાન હેઠળ વ્યાપક ભ્રષ્ટાચાર થઈ રહ્યો છે. જેનાથી તંત્ર પણ સાવ અજાણ નથી. સેવાકાલીન તાલીમોમાં શિક્ષક દીઠ ટીએ ડીએ સહિત ૯૦ રૂપિયા ખર્ચ ફાળવવામાં આવે છે. જેમાં ૪૦ રૂપિયા ભોજન પાછળ ખર્ચવામાં આવે છે. પરંતુ છેલ્લા કેટલાક વખતથી આયોજકો માત્ર નાસ્તો કરાવી વાઉચર અભિયાન ચલાવી રહ્યા છે. ૪૦ રૂપિયાની જગ્યાએ માત્ર ૧૫થી ૨૦ રૂપિયા જ ખર્ચવામાં આવતા હોવાનો શિક્ષકોનો આક્ષેપ છે. વધુમાં બાળકોના એલસી કાઢવા ઉપલી કચેરીથી કેટલાક શિક્ષકોને મૌખિક સૂચનાઓ આવી હોવા છતાં પણ રાજકીય દબાણથી આવા શિક્ષકોની બદલી કરી દેવામાં આવે છે. બીજીબાજુ મહિનાઓ સુધી પણ કોઈ પણ જાતની રજાઓ વગર ગેરહાજર રહે તેમના બદલે મળતીયાઓ વહીવટ કરી લે તો પણ તેમનો વાળ પણ વાકો થતો નથી. વધુમાં એક શિક્ષકે જણાવ્યુ હતુ કે એક શાળઆમાં મુખ્ય શિક્ષકના ચાર્જ બાતને સિનિયર શિક્ષકે હક્ક માંગ્યો. પરંતુ આજ સુધી તેને હક્કો મળ્યા નથી. તંત્રના કેટલાક અધિકારીઓ આ તમામ બાબતો અંગે જાણકારી ધરાવતા હોવા છતાં પણ અજાણ હોવાનો ડોળ કરી રહ્યા છે. બાંધકામ અધુરુ રાખનાર શિક્ષકો સામે નોટીસ કાઢીને તેમને ડરાવવાના પ્રયત્નો થઈ રહ્યા છે. જ્યારે કોઈ પમ નિયમ સિવાય ઉધરાણુ કરવા ઉચ્ચક વેતનદારો ઉપલી કચેરીના નામે લાખ્ખો રૂપિયા પડાવે છે. અને જો નાણાં ન આપવામાં આવે તો આગળના પેમેન્ટ પર કરાતા નથી. સમયસર શિક્ષકોને લાભ ન ચૂકવનાર તાલુકા પંચાયતોનો આજ દિન સુધી સર્વે પણ થયો નથી કે તેમને નોટિસ પણ આપવામાં આવી નથી. ત્યારે આ અંગે નિષ્પક્ષ તપાસની માંગ શિક્ષકો કરી રહ્યા છે.

સેક્ટર-૧૯ ગાંધીનગર જીમખાના પાસે ઓલમ્પિક સાઈઝના અદ્યતન સ્વીમીંગ પુલનું નિર્માણ કરવામાં આવેલ છે. આ સ્વીમીંગ પુલની ખાસ વિશિષ્ટતા એ છે કે આ સ્વીમીંગ પુલમાં નાના બાળકો પણ સ્વીમીંગનું પ્રશિક્ષણ મેળવી શકશે. આવા આ નવનિર્મિત સ્વીમીંગ પુલનું ઉદઘાટન ગુજરાત રાજયના મુખ્ય સચિવશ્રી વરેશકુમાર સિંહાના વરદ્ હસ્તે કરવામાં આવ્યું હતું.

હરિની દૃષ્ટિ...

ગરીબના ચહેરા પર આનંદ લાવે તે જ સાચું શિક્ષણ છે

અમદાવાદ, તા. ૨

ગરીબ અને જરૂરીયાતમંદ બાળકોના ચહેરા પર દીપાવલીનો આનંદ એ જ ઉત્સવની ઉજવણીની સાર્થકતા. એમાં પણ શાળામાં ભણતા નાનાં બાળકો આવી સમજણ અને ગરીબ બાળકો પ્રત્યેની સંવેદના વ્યક્ત કરીને ગરીબ બાળકોના ચહેરા પર ખુશી આવે તે જરૂરી છે તેવો મત વ્યક્ત કર્યો હતો. ગરીબ બાળકોને મીઠાઈ ખવડાવી તેમના ગરીબ પરિવારને દીવાળીની ઉજવણીમાં સહભાગી બનાવવા બદલ શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ દીવાન બલ્લુભાઈ શાળાના બાળકોને અભિનંદન પાઠવ્યા છે. શાળાના આચાર્યને પાઠવેલા સંદેશ-પત્રમાં ચુડાસમાએ જણાવ્યું છે કે આપની શાળાના બાળકોએ ગરીબ બાળકોને દિવાળીના તહેવારમાં સહભાગી બનાવી, તેમના પ્રત્યે સંવેદના દાખવી શિક્ષણને સાર્થક કર્યું છે આજ સાચું શિક્ષણ છે. શિક્ષણ મંત્રી એ જણાવ્યું છે કે આપની શાળાના વિદ્યાર્થીઓએ ફટાકડા ફોડવાનો આનંદ પોતે મનાવવાને બદલે તેનો ખર્ચ બચાવી તે રકમમાંથી મીઠાઈ ખરીદી બાળકો અને તેમના પરિવારને તે મીઠાઈ વહેંચીને પ્રેરણાદાયી ઉદાહરણ પુરૂં પાડ્યું છે.

મમ્મી... કહેને કેવી હોય છે દિવાળી ??

મમ્મી કેને, કેવી હોય છે તહેવાર દિવાળી?
વર્ગમાં બહેને આજે નિબંધ આપ્યો છે લખવાં
પહેલો નંબર છે મારો, મારાં ચોપડા બતાવવાં
તહેવાર કહે છે દિવાળી બધામાં ખૂબ મોટી
તૈયારી કેવી હોય ? એની લખવી ચાર લીટી
મમ્મી... કહેને કેવી હોય છે દિવાળી ??
સમજમ જયારથી આવી, ત્યારથી એક જ જોતો
એકના એક જ કોડીયામાંથી, દિવો ઘરમાં થાતો
રસોડાનો ચૂલો સળગાવવાં, તું કરતી મજૂરી કાળી
જોઈ અમારા ઉદાસ ચહેરા, તારો જીવ જતો બળી
મમ્મી... કહેને કેવી હોય છે દિવાળી??
બાપ જાય ચોકીદારની નોકરીએ, પેટે પાટા બાંધતો
મોંઘવારીનો ગમ ભૂલાવવાં, દારૂના બે પેગ મારતો
આમ જ પિસાતા તહેવાર ગયો ગરબા વગર નવરાત્રી
દશેરાએ ઝલેબી તો ઠીક, ના મળી અમને પૂરણપોળી
મમ્મી... કહેને કેવી હોય છે દિવાળી ??
આંખોમાં તારી કેમ આંસુઓનાં વાદળા બંધાયા?
કાલે જ માર્યાતા થિગડાં, માંડ માંડ કપડાં સંધાયા
ઝાડનાં ડાળે હિંચકા ખાય નાના ભાઈની ફાટલી ઝોળી
ગામનાં છેવાડેના ઘરને તોડવા આવી દબાણની ટોળી
મમ્મી... કહેને કેવી હોય છે દિવાળી ??
દિવસ જતા રહેશે તકલીફનાં આમ અશ્રુના વરસાવ
અમે તારા સંતાનો, જિંદગીમાં લાવીશું નવો બદલાવ
ભણીને અમે મોટા બનીશું, નોકરીમાં ભલેને રાતપાળી
દુઃખની પાછળ જ સુખ હોય છે, ચિંતા તું હવે દે ટાળી
મમ્મી... ત્યારે જ ઉજવીશું આપણે ઝળહળતી દિવાળી !!
આજે લખીશ હું નિબંધ, આવતી કાલની અમારી દિવાળી
મમ્મી... આપણે ત્યારે ઉજવીશું મસ્ત મજાની દિવાળી !!

- સંજય થોરાત

શરદકાળમાં ઉત્પન્ન થતા શ્વેત કમળ જેવા મુખવાળી તમામ મનોરથો પરિપૂર્ણ કરનારી શારદા મારી જીભ પર સદા વાસ કરે

સંસ્કાર ચિંતન

- અનંત ન. વ્યાસ

વાણી વિન્દે ગિરાં દેવી, શબ્દ બ્રહ્માત્મિકાં પરમ
યસ્ય સ્મરણ-માત્રેન, પ્રકાશ સુલભો ભવતે॥

શબ્દ-બ્રહ્મ સ્વરુપીણી પરા વાણી સરસ્વતી દેવીને વંદન કરું છું. જેના સ્મરણ માત્રથી પ્રકાશ પ્રાપ્ત કરવો સુલભ બને છે.

સરસ્વતી વંદના

શાળાઓમાં માતા સરસ્વતીની પ્રથમ પ્રાર્થના થતી પછી ભણતર શરૂ થતું. આપણા સમાજમાં વિદ્યા-વાણી તથા કલાની અધિષ્ઠાત્રી દેવી તરીકે સરસ્વતી પ્રતિષ્ઠા છે. વૈદિક સમયથી સરસ્વતીને જ્ઞાનની દેવી તરીકે સ્થાન મળેલ છે. 'વાગ્વે સરસ્વતી પાવીરતી' સરસ્વતીમાં જ સર્વ છે. વેદોની ઉત્પત્તિ થઈ છે તેમ મનાય છે સરસ્વત્યાઃ સર્વ વેદાઃ અમવત્ એમ ગાયત્રી ઉપનિષદમાં જણાવાયું છે. તે સત્ય-વાણી- સુમતિ, બુદ્ધિ તથા જ્ઞાન આપનાર દેવી છે. સરસ્વતીનું અધિષ્ઠાન જીહવા મનાય છે. સામાન્ય વાતમાં પણ કહેવાનો રિવાજ છે , તેની જીભે સરસ્વતી વસે છે. વૈદિક સમયમાં સરસ્વતીને અન્ન-પ્રદાતા તથા વૈત્રવ-દેનાર પણ જણાવેલ છે. 'પ્રણો દેવી સરસ્વતી વાજેભિર્વાજિનીવતિ।' અન્ન આપનાર- ધ્યાન કરનારનું રક્ષણ કરનાર- જ્ઞાનરૂપી અન્નથી અમારું પોષણ કર (યજુ.- ૨૦-૮૨)

સરસ્વતી વાણીની અધિષ્ઠાતા હોવાથી તેમને જગતના તમામ ગુણોના આશ્રય દાતાર- દેવી માનવામાં આવ્યાં છે. સ્વરૂપ- પોષક તથા વાહન શુભ્ર છે. 'યા કુન્દે દુ તુષાર હાર ધવલા..' એ શ્લોકમાં તેને કલાની દેવી તરીકે વીણા ધારણ કરતી જણાવી છે તેનું વાહન મયુર તથા હંસ છે. કલાની દેવી તરીકે તે અનુપમ છે. તેની ઉપાસના કરનારની બુદ્ધિ ખીલે છે તેમ મનાય છે. એ સમયમાં 'લક્ષ્મી' તરીકે કોઈ દેવી મળતા નથી. માત્ર સરસ્વતી જ એક માત્ર દેવી છે જે વૈભવ પણ આપે છે.

ઉપરોક્ત શ્લોકમાં સરસ્વતીના એટલે કે પરા -વાણીનું રહસ્ય સમજાવવામાં આવ્યું છે. જે વાણીમાં મન પ્રતિષ્ઠિત હોય અને જે વાણી મનના વિચારો અનુરૂપ હોય તેવી સ્પષ્ટ સ્વરૂપા વાણી પરા વાણી છે. આ વાણી પણ શબ્દ ધ્વારા- અતિ મધુર શબ્દ દ્વારાજ વ્યકત થાય છે આ શબ્દોનું બરાબર શ્રવણ કરવાનું હોય છે. શબ્દોમાં તો લાલિત્ય તથા માધુર્ય બંને છે પણ જો શબ્દના મોહમાં ફસાઈ જઈએ તો શબ્દ પાછળ રહેલા અર્થની ગહનતા ધ્યાનમાં ન આવે. શબ્દ સાંભળ્યા પછી તેના વિશિષ્ટ અર્થને પૂરેપૂરો ગ્રહણ કરવામાં આવે તો જ જ્ઞાનનો પ્રકાશ પ્રાપ્ત થાય. દરેક શબ્દ તથા અર્થના સાનિધ્યને પાર્વતી- પરમેશ્વરો જેવું ગણ્યું છે. પ્રકાશ માટે શબ્દ આંતર મનમાં ઉતરે તે અતિ મહત્વનું છે. જ્યારે અર્થનું પૂરેપૂરું ચ્યવન કરવામાં આવે છે ત્યારે જ તેમાંથી રસ ઝરે છે. ભોજનનો કોળિયો જેમ જેમ ચવાઈ તેમ વધારે સુપાચ્ય બને. મીઠો બને તેમ શબ્દાર્થને વારંવાર મનન દ્વારા ચગળવો જોઈએ તો જ તેમાંથી નવા નવા અર્થો સ્ફૂરે છે. આમ શબ્દનું શ્રવણ અર્થનું ગ્રહણ તથા રસનું સેવન એ સરસ્વતીની સાચી વંદના છે.

શબ્દને બ્રહ્મની ઉપમા અપાય છે. તેમાંથી મળતા આનંદને બ્રહ્માનંદ સહોદર ગણાવ્યો છે. શબ્દ દ્વારાજ સુગ્રથિત, સંગઠિત, સુશ્લિષ્ટ, જાણકારી પ્રાપ્ત થાય છે. તેનાથી જ્ઞાન મળે છે. જ્ઞાન દ્વારા સમજ ખીલે છે અને સમજ દૃઢ થતાં થતાં મનમાં પ્રકાશ પથરાય છે. બાંધ થાય છે. આમ સરસ્વતીની કૃપા વડે શબ્દાત્મિકા શક્તિથી મોક્ષનો માર્ગ સ્પષ્ટ થાય છે. માતા સરસ્વતીની અવિરત કૃપા હોય તો જ્ઞાનનું સર્જન થાય- આંતર-ચિત્તમાં તેનું ધારણ થાય. એ જ જ્ઞાન શબ્દ દ્વારા વ્યકત થાય. ઈન્દ્રિયો દ્વારા કેટલુક આચરણ થાય. આ તમામ પ્રક્રિયા સતત ચાલતી રહે છે. માત્ર સત્ય જ્ઞાનનો પ્રકાશ જોઈ ભય-લજ્જા કે સંકોચ ન અનુભવવો સત્ય પણ અપ્રિય લાગતા શબ્દ પર ધ્યાન ન અપાય તો સરસ્વતી વંદના અધરું ગણાય.

જગતગુરુ આદ્ય શંકરાચાર્ય પણ સરસ્વતી સ્તવન રચ્યું છે. માતા સરસ્વતી અતુલ નિધિ-દાતા છે- જેમ કે 'પરિપૂર્ણ મનોરથ ધામ નિધિ, પરમાર્થ વિવેક વિચાર નિદિ સરયોષિત સેવિત યાદ તલ નોમિ સરસ્વતી યાદયુગમ' સરસ્વતી પરમાર્થ, વિવેક તથા વિચાર જાગૃત કરનાર છે. બુદ્ધિ દ્વારા થતા ચિંતનનું અને વિચારનું આ જીવન અતિ મહત્વ છે. વિચારથી વિવેક જાગૃત થતાં જે સાચી સમજ આપે છે. જેના ચરણોની સેવા દેવો પણ કરે છે તે માતા સરસ્વતી ચરણોનું વંદન કરું છે. પૌરાણિક સમયમાં સરસ્વતીના અનેક સ્ત્રોત રચાયા છે. એક અન્ય સ્ત્રોતમાં

શારદા શારદામ્મોજ વદના વદનામ્બુજે
સર્વદા સર્વદાઅસ્માકં સન્નિધિ સન્નિધિ ક્રિયાત

શરદકાળમાં ઉત્પન્ન થતા શ્વેત કમળ જેવા મુખવાળી તમામ મનોરથો પરિપૂર્ણ કરનારી શારદા મારી જીભ પર સદા વાસ કરે.

સરસ્વતીને આપણે આજીવન કુમારી માતા છે. વિદ્યાની આ દેવી કોઈની આશ્રિતા નથી. પણ અનેકોના આશ્રયને સ્થાન છે. તેના સર્જનમાં એવી કથા છે કે બ્રહ્મા તેના સર્જન છે પછી કામાસક્ત થયા હતા. આ કથા એક પૌરાણિક રૂપક છે. સાહિત્યકારો, કલાકારો પ્રથમ સર્જન કરે છે અને પછી તેનું અવલોકન-વિવેચન કરે છે. આમ પોતાના સર્જનતા રસપાન કરે છે. મનમાં સમર્પિત કૃતિ જ્યારે અક્ષરદેહ પામે છે ત્યારે પણ આવી જ ક્રિયા થાય છે. સર્જન અને ભોગ સાથે જોડાયેલા છે તે દર્શાવવા કદાચ આ કથા સરસ્વતી અંગે હોય. પ્રચાનકાળથી માંડી આજ સુધી કોઈપણ કલાના સર્જકો- સર્જનના પ્રારંભમાં, વિશેષ સંદર્ભમાં સરસ્વતી વંદનને ભુલતા નથી. બ્રહ્માની બેટી વિદ્યાની દેવી. જેવા સાદા શબ્દોમાં તેને સતત યાદ કરે છે.

શક્તિ પૂજા વૈદિક સમયથી ચાલી આવે છે પરંતુ નવદુર્ગામાં સરસ્વતીનું સ્થાન નથી. સરસ્વતી ગાયત્રી તથા લક્ષ્મી આ ત્રણ અલગ દેવી છે. દુર્ગાનું ક્ષેત્ર અસુરોનો સંહાર કરી સમાજને નિર્ભય બનાવવાનું છે. જ્યારે સરસ્વતી ક્ષેત્ર નિર્ભય બનેલા સમાજને જ્ઞાન-વિજ્ઞાનમાં ઉચ્ચસ્તરે લાવવાનું છે. જો કે લક્ષ્મી પુરાણકાલીન દેવી છે, જ્યારે સરસ્વતી અને ગાયત્રી વેદકાલીન દેવી છે. ગાયત્રીને તો વેદમાતા કહેવામાં આવે છે. વૈદિક મંત્રોમાં પ્રાકૃતિક દેવી-દેવતાનું વર્ણન છે અને ત્યારપછી આરણ્યક- ગ્રંથો, બ્રાહ્મણ ગ્રંથો અને ઉપનિષદો, સાહિત્યમાં પણ બ્રહ્માના વિવિધ સ્વરૂપોની કથા છે. આપણા આ તમામ શાસ્ત્રોનાં ઉદ્દેશ્ય વાસ્તવિક રીતે તો એક જ છે. દિવ્ય-દૃષ્ટિ દ્વારા આધ્યાત્મ જ્ઞાન પરમ તત્વના દર્શન પામવા માટે ઋષિમુનીઓએ જે માર્ગો દર્શાવ્યા છે તેમાં વિદ્યા તથા જ્ઞાનનો માર્ગ પણ છે 'પરા પરાણાં પરમા ત્વમેવ પરમેશ્વરી' સરસ્વતી માટે કહેવાયું છે કે 'હે માતા આપ જ પરા તથા અપરા રૂપે સહમાં રહેવાવાળા પરમેશ્વરી છો.'

પ.પૂ. યોગે વરજીના ગ્રંથ શ્રી દુર્ગા સપ્તશતીસારમાં જણાવ્યું છે કે શક્તિની ઉપાસના વિના કાંઈ પ્રજા મહાન નથી બની શકતી. મહાલક્ષ્મી, મહા સરસ્વતી તથા મહાકાલી ત્રણે રૂપોમાં શક્તિની ઉપાસનાની પરિપારટી ભારત વર્ષમાં લાંબા સમયથી ચાલે છે. શક્તિના આ ત્રિવિધ સ્વરૂપોની ઉપાસના કરી જીવનમાં સમન્વય જ સાધવો જોઈએ. ભૌતિક સુખ-સમૃદ્ધિ જીવનમાં અતિ અનિવાર્ય છે તેની ઉપેક્ષા ન થઈ શકે. દીન તથા કંગાલ પ્રજા સદાય દુઃખી થાય વૈભવ પામવો તે પાપ નથી પણ એકલી સંપત્તિથી માનવી સુખી નથી થઈ શકતો માનવને સાચા અર્થમાં સુખી તથા સંતોષી થવું હોવું તો ભૌતિક સંપત્તિ સાથે માનસિક તથા આત્મિક ઉત્કર્ષની દિશામાં આગળ વધવું જોઈએ. ભૌતિકતાના કે અનાદર નહી તેમ તેનો મોહ પણ નહીં તે મંત્ર હોવો જોઈએ. માટે જ ત્રિવિધ સ્વરૂપમાં સરસ્વતીનો સમાવેશ કરવામાં આવ્યો છે માત્ર સમુદ્ર બનીને નથી બેસી રહેવાનું પણ પ્રજ્ઞા જાગૃત કરવાની છે વિચાર શક્તિ કેળવાયા વિના આગળ નથી વધી શકાતું ને તે માટે સરસ્વતીની ઉપાસના કરવી જરૂરી છે. ઈશ ઉપનિષદમાં જણાવ્યું છે કે વિદ્યાર્થી સમૃત પ્રાપ્ત થાય છે. દેવીની ત્રિવિધ ઉપાસના એવી રીતે ભૌતિક તથા આધ્યાત્મિક બંને પ્રકારના ઉત્કર્ષને ધ્યાનમાં રાખી નિશ્ચિત કરવામાં આવી છે.

એક બીજી નાની વાત પણ નોંધવા જેવી ખરી તમે જોયો તો લક્ષ્મી લગભગ ઊભા ઉભેલા સ્વરૂપે જોવા મળે છે. જ્યારે સરસ્વતી કાયમ પદ્મ પર બેઠેલા છે. આ પ્રતિક સ્પષ્ટ સમજાવે છે કે લક્ષ્મી ચંચલ છે ગતિશીલ છે. વૈભવને સત્તા ક્યારે જાય તેની ખબર પડતી નથી. લક્ષ્મી તોય તરંડગમંત્ર ચયલા, કહેવાય છે જ્યારે જ્ઞાન અને સમજ પ્રાપ્ત થાય તો ક્યારેય છોડી નથી જતા વિવેક-જાગૃત થાય. બોધ લાગી જાય, સમજણ પમાય જાય તો પછી તે કાયમ દૃઢતર બનતા જાય અને ગમે તેવા પ્રસંગે સકાય ભૂલ થાય ભર્તુહરિ તો વિદ્યાને જ પરમ ધન ગણે છે અને વિદ્યા વિહિન નર પશુ સમાન છે તેવું સ્પષ્ટ માને છે. માનવમાં માનવતાનો સાદ જગાડવામાં જ્ઞાનથી ચિતોવિકાસ સાધી કરુણાના ભાવ જાગે તે માટે માતા સરસ્વતીની દયા સદૈવ માગવી જોઈએ. પ્રકાશ વિના ક્યારેય માર્ગ સુઝતો નથી. સરસ્વતીનું માત્ર સ્મરણ જ પ્રકાશ પ્રગટાવે છે.